પ્રેસ જાહેરાત PRESS RELEASE

ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA

વેબસાઇટ/Website : www.rbi.org.in
ઈ-મેલ/email : helpdoc@rbi.org.in

**સંચાર વિભાગ,** કેન્દ્રીય કાર્યાલય, શહીદ ભગતસિંહ માર્ગ, ફોર્ટ, મુંબઈ-400001
**Department of Communication**, Central Office, Shahid Bhagat Singh Marg, Fort, Mumbai-400001 ફોન/Phone: 022- 22660502

16 ઓક્ટોબર 2023

## ભારતીય રિઝર્વ બેંકે નાગરીક સહકારી બેંક લિ., બાબરા, ગુજરાત પર લાદેલો નાણાકીય દંડ.

ભારતીય રિઝર્વ બેંકે (આરબીઆઇ) તારીખ 18 સપ્ટેમ્બર, 2023ના આદેશ દ્વારા, નાગરીક સહકારી બેંક લિ., બાબરા, ગુજરાત (બેંક) પર બેંકિંગ વિનિયમન અધિનિયમ, 1949 (બીઆર એક્ટ)ની કલમ 26ક(2) ના ઉલ્લંઘન માટે તેમજ 'નિર્દેશકો, સગાવ્હાલાં અને પેઢીઓ / સંસ્થાઓ જેમાં તેઓનું હિત હોય, તેઓને ઋણ અને ધિરાણ' 'પ્રાથમિક (શહેરી) સહકારી બેંકો (યુસીબી) દ્વારા અન્ય બેંકોમાં થાપણો મૂકવી' તેમજ 'સહકારી બેંકો – થાપણો પર વ્યાજનો દર' પર આરબીઆઇ દ્વારા જારી કરવામાં આવેલા નિર્દેશોના ઉલ્લંઘન બદલ ₹2.00 લાખ (રૂપિયા બે લાખ પૂરા)નો નાણાકીય દંડ લાદેલ છે. આ દંડ ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંકિંગ વિનિયમન અધિનિયમ, 1949ની કલમ 46 (4)(i) અને કલમ 56ની સાથે કલમ 47A (1) (c)ને વાંચતા, તે અંતર્ગત ભારતીય રિઝર્વ બેંકને પ્રાપ્ત થતી સત્તાનો ઉપયોગ કરીને લગાવ્યો છે.

આ કાર્યવાહી વિનિયામક અનુપાલનમાં ત્રુટિઓ પર આધારિત છે અને તેનો ઉદ્દેશ ઉક્ત બેંક દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઈ પણ લેણદેણ યા કરારની વૈધતા પર સવાલ કરવાનો નથી.

### પશ્ચાતભૂમિકા

31 માર્ચ, 2022ના રોજ બેંકની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલું બેંકનું વૈધાનિક નિરીક્ષણ અને તે સંબંધિત નિરીક્ષણ અહેવાલ, જોખમ આકારણી અહેવાલ અને સમગ્ર પત્રવ્યવહારના પરીક્ષણને કારણે અન્ય બાબતોની સાથે સાથે એ બાબત જાણવામાં આવી કે બેંકે (i) થાપણદાર કેળવણી અને જાગરૂકતા ભંડોળમાં નિર્ધારીત રકમ તબદીલ કરી નહોતી, (ii) બેંકના નિર્દેશકોમાંના એક નિર્દેશકના સગા જે વ્યક્તિ માટે ગેરેંટીકર્તા તરીકે ઊભા હતા તેને ઋણ સુવિધા મંજુર કરી હતી, (iii) વિવેકપૂર્ણ આંતરબેંક સકલ એક્ઝોપર મર્યાદા નું ઉલ્લંઘન કર્યું હતું, અને (iv) વણચૂકવેલી પરીપકવ મુદતી થાપણો જેટલા સમય સુધી બેંકમાં બિનદાવાકૃત રહી, તેટલા સમયનું વ્યાજ ચૂકવ્યું નહોતું. તેના સંદર્ભમાં, બેંકને એક નોટિસ જારી કરવામાં આવી હતી જેમાં બેંકને તેમાં જણાવેલા નિર્દેશોનું અનુપાલન કરવાની તેની નિષ્ફળતા બદલ તેની પર દંડ શા માટે ન લાદવો, તે અંગે કારણ દર્શાવવા માટે જણાવવામાં આવ્યું હતું.

બેંક દ્વારા આપવામાં આવેલા નોટિસના પ્રત્યુત્તર અને વ્યક્તિગત સુનાવણી દરમિયાન કરવામાં આવેલી મૌખિક રજૂઆતોને ધ્યાનમાં લીધા બાદ, આરબીઆઇ એવા નિષ્કર્ષ પર આવી કે આરબીઆઇના નિર્દેશોના ઉલ્લંઘનને લગતો ઉપરોક્ત આરોપ સાબિત થયો છે અને નાણાકીય દંડ લાદવો આવશ્યક છે.

**(યોગેશ દયાલ)**
મુખ્ય મહાપ્રબંધક

**પ્રેસ જાહેરાત: 2023-2024/1120**